

# બિહારના નવા મુખ્યમંત્રી જીતનરામ માંઝી

## નીતિશકુમારે ભારે દબાણ વચ્ચે પસંદગી કરી : ફરીથી મુખ્યમંત્રીપદ સ્વીકારવા નીતિશે ઇન્કાર કર્યો પરંતુ જીતનની પસંદગી કરી : જેડીયુને મજબૂત કરવાનો ઉદ્દેશ્ય

પટણા, તા.૧૯ બિહારમાં ઉકળતા ચરુ જેવી રાજકીય સ્થિતિ વચ્ચે નવા મુખ્યમંત્રી તરીકે આખરે જીતનરામ માંઝીની પસંદગી કરવામાં આવી છે. શરદ યાદવ દ્વારા આજે મોડેથી આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. બે દિવસ પહેલા જ નીતિશકુમારે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધું હતું. લોકસભાની ચૂંટણીમાં જેડીયુના કંગાળ દેખાવ બાદ નીતિશકુમારે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધું હતું. નીતિશકુમારે રાજીનામુ આપી દીધા બાદ તેમને રાજીનામુ પરત ખેંચવા સમજાવવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. જો કે, નીતિશકુમારે મુખ્યમંત્રી પદે ફરી બેસવાનો ઈન્કાર કરી દીધો હતો. આખરે જેડીયુના સભ્યોએ નવા મુખ્યમંત્રીની પસંદગીની જવાબદારી નીતિશકુમારને સોંપી હતી. આજે સાંજે નીતિશકુમાર માંઝીની સાથે રાજ્યપાલને મળ્યા હતા. માંઝી

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આખા જગતનું તોફાન પણ જેની સમતુલામાં ખલેલ પાડી ન શકે એ જ સાચા સંત

*- સૂફી કથન*

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૧૪, મંગળવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૨૬મીથી કૃષિ મહોત્સવ

## ગાંધીનગર જિલ્લામાં સાત કૃષિરથ ફેરવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯ ચૂંટણી બાદ આચારસંહિતા પૂર્ણ થતાની સાથે જ રાજયના વિકાસની ગાડીને ટોપ ગીયરમાં દોડાવવાનો નિર્ણય લેવાયો છે. ચૂંટણીના કારણે છેલ્લા ઘણા સમયથી વિકાસ કાર્યો સાવ ઠપ્પ થઈ ગયા હતા. અધિકારીઓ ચૂંટણીમાં વ્યસ્ત બન્યા હતા હવે ચૂંટણી પૂર્ણ થતા જ રાજ્ય સરકારે કૃષિ મહોત્સવ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દર વર્ષે અખાત્રીજથી કૃષિ મહોત્સવ શરૂ કરવાની રાજ્ય સરકારની પરંપરા રહી છે. ચાલુ વર્ષે દસમો કૃષિ મહોત્સવ યોજાશે. જેનો પ્રારંભ ૨૬મી મે થી શરૂ થશે. ગાંધીનગર જિલ્લામાં પણ ૨૬મી મે થી ૯મી જૂન દરમ્યાન કૃષિ મહોત્સવ યોજાશે. કૃષિ મહોત્સવને વધુ અસરકારક અને લોકભોગ્ય બનાવવા માટે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને બેઠક યોજી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કૃષિ મહોત્સવ-૨૦૧૪ અંતર્ગત જિલ્લાના ચાર તાલુકાઓમાં સાત કૃષિરથ ફેરવવાનો નિર્ણય લેવાયો છે.

સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ વર્ષ- ૨૦૦૫ થયો હતો. ચાલુ વર્ષ દસમો કૃષિ મહોત્સવ- ૨૦૧૪ યોજાનાર છે. કૃષિ મહોત્સવ-૨૦૧૪ તા.૨૬મી મે, ૨૦૧૪ થી ૦૯મી જૂન, ૨૦૧૪ દરમ્યાન યોજાનાર છે. કૃષિ મહોત્સવ-૨૦૧૪ને જિલ્લામાં વધુ લોકભોગ્ય બનાવવા માટે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ કૃષિ મહોત્સવ-૨૦૧૪ અંતર્ગત જિલ્લાના ચાર તાલુકામાં તાલુકા પંચાયતની બેઠક મુજબ કલસ્ટર અનુસાર કૃષિ રથ ફેરવવામાં આવશે. જિલ્લામાં કુલ-૭ કૃષિરથ ફેરવવામાં આવનાર છે. ગાંધીનગર તાલુકામાં કૃષિરથ નંબર-૧ અને ૨ ફરશે. જેમાં કૃષિરથ - ૧ તા.૨૬મી મેના રોજ પીડારડા, તા. ૨૭મી મેના રોજ રાંધેજા, તા. ૨૮મી મેના રોજ રૂપાલ, તા. ૨૯મી મેના રોજ સરઢવ, તા. ૩૦મી મેના રોજ કોલવડા, તા. ૩૧મી મેના રોજ આદરજ મોટી, તા.૧ જૂનના રોજ કા.તારાપુરા, તા.૨ જૂનના રોજ શેરથા, તા. ૩ જૂનના રોજ જમીયતપુરા, તા. ૪ જૂનના રોજ ઉવારસદ, તા.૫મી જૂનના રોજ વાવોલ, તા. ૬ જૂનના રોજ સરગાસણ, તા.૭મી જૂનના રોજ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં ધમધમાટ - ૨૧મીએ ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ હશે... મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે તેમના અનુગામીની પસંદગીની પ્રક્રિયા ૨૧મીએ યોજાવાના છે. ૨૧મી ગાંધીનગર માટે મહત્વની છે... વિધાનસભામાં નરેન્દ્રભાઈ મોદીને ભવ્યાતિભવ્ય વિદાય અપાશે અને સાંજે વિધાનસભા ભાજપ પક્ષના નવા નેતાની વરણી સાથે નવા મુખ્યમંત્રીને આવકાર અપાશે... વિદાય અને આવકાર બંને એક જ દિવસે બુધવારે ગાંધીનગરમાં યોજાશે. આંગણે અતિથિઓ પધારશે... તેમને આવકારવા તંત્ર સજ્જ બની રહ્યું છે... માર્ગો ચોખ્ખા ચણાક બનાવાઈ રહ્યા છે.

## NEWS બિટ્સ

### રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની રેસમાં અજીત ડોમાલ મોખરે

નવી સરકારમાં રાષ્ટ્રીય



સુરક્ષા સલાહકારની નિમણુંકમાં પૂર્વ આઈબી ડાયરેકટર અજીત ડોમાલનું નામ મોખરે હોવાનું ચર્ચાય છે. ડોમાલે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ ઉપરાંત વરિષ્ઠ આગેવાનો અને આરસએસના સુપ્રિમો મોહન ભાગવતની મુલાકાત લીધી છે.

### કેન્દ્રિય અંદાજપત્ર ૯થી ૧૫ જુલાઈની વચ્ચે

નવી સરકાર ૯ થી ૧૫ જુલાઈ દરમિયાનના સમયગાળામાં બજેટ રજૂ કરી શકે છે. વિદાય લેતી સરકારે ચુંટણી હોવાથી માર્ચમાં બજેટના બદલે વોટ ઓન એકાઉન્ટ રજુ કર્યું હતું. આ વર્ષનું બજેટ હજુ રજુ કરવાનું બાકી છે. ત્યારે જુલાઈમાં નવી સરકાર બજેટ રજુ કરે તેવી સંભાવનાઓ નાણાં વિભાગે રજુ કરી છે.

### કિરણ બેદીને દિલ્હીના મુખ્યમંત્રી બનાવવા દરખાસ્ત


દિલ્હીના મુખ્યમંત્રી તરીકે



કિરણ બેદીને નિમવા આમ આદમી પાર્ટીના બળવાખોર ધારાસભ્ય વિનોદ બંદીએ દરખાસ્ત કરી છે. આમ આદમી પાર્ટી અને ભાજપની સંયુકત સરકાર બને અને જેનું નેતૃત્વ કિરણ બેદી કરી એવી દરખાસ્ત બન્નીએ ભાજપ અને કોંગ્રેસના દિલ્હી એકમના નેતાઓને લેખિતમાં કરી છે. જો કે બંનેમાંથી કોઈએ પ્રતિભાવ આપ્યો નથી.

### નવા નાણાંમંત્રી તરીકે અરુણ શૌરીની સંભાવના

નવી સરકારમાં નાણા મંત્રી તરીકે જાણીતા અર્થશાસ્ત્રી અને



પૂર્વ તંત્રી અરુણ શૌરીને નિમવા પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આતુર છે. મોદીની ઈચ્છા છે કે અરુણ શૌરી નાણાં મંત્રાલયનો હવાલો સંભાળે તો આગામી આર્થિક પડકારોને પહોંચી વળવા નવી સરકાર સક્ષમ બનશે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

# સી.એમ. બાદ પી.એમ. પદ માટે પણ મોદીની સીધી ઉડાન

## રાજકીયક્ષેત્રે અન્ય કોઈ હોદ્દાની સીડી ચઢ્યા વગર મોદી મંઝીલ સુધી પહોંચ્યા !

ગાંધીનગર, તા. ૧૯ રાજકીયક્ષેત્રમાં અનેક આટાપાટાની સાથે ચઢાવ ઉતાર જોવા મળે



છે. જનમાનસમાં પ્રજાના હીતેચ્છુ અને સેવક તરીકેની ઈમેજ ઉભી કરવાની મથામણમાં મોટાભાગના નેતાઓની રાજકીય કારકિર્દીનો કાર્યકાળ પૂરો થઈ જાય છે ! આમ છતાં બદલાતા રાજકીય સમીકરણો વચ્ચે રાજકારણીઓ પ્રજાના મનમાં સ્થાન બનાવી શકતા નથી. ગામની ગલીઓ અને શહેરની શેરીઓમાંથી રાજકીયક્ષેત્રે ડગ માંડતા નવોદિત નેતાઓને રાજકારણમાં દાયકાઓ પસાર કરવાની સાથે નાના-મોટા રાજકીય હોદ્દાઓની સીડીઓ પર ચઢવું પડે છે. મોટાભાગના નેતાઓ માટે રાજકારણની આ સફર સાપસીડીની ગેઈમ જેવી જ પૂરવાર થાય છે. પ્રજા ક્યારે પાસુ ફેરવી નાંખે તેનો ખ્યાલ પણ રહેતો નથી. પરંતુ આ સઘળી વિપરિત સ્થિતિ વચ્ચે પણ ફરજ પ્રત્યેની નિષ્ઠા, પ્રજા પ્રત્યેની વફાદારી તેમજ પ્રામાણિકતા અને નિડરતા જેવા સદ્ગુણો રાજકીયક્ષેત્રે અનોખી સિદ્ધિ અપાવે છે. સામાન્ય રીતે રાજકારણક્ષેત્રે કોઈપણ નેતા સ્ટેટવાઈઝ પોતાની રાજકીય કારકિર્દીમાં નાના-મોટા હોદ્દા સુધી પહોંચે છે. પરંતુ નરેન્દ્ર મોદીની વાત કાંઈક અલગ છે. સી.એમ. પદ બાદ હવે પી.એમ. બનવા પણ તેમણે સીધી અને સફળ ઉડાન લગાવી છે. વર્ષ ૨૦૦૧માં ૭ ઓકટોબરના રોજ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને રાજકોટમાંથી ચૂંટણી જીત્યા હતા. સીધા મુખ્યમંત્રીપદે આરૂઢ થયા હતા જ્યારે પ્રથમવાર લોકસભાની ચૂંટણી લડીને જંગી બહુમતી મેળવી સીધા જ પી.એમ. બનવાની અનોખી સિદ્ધિ પણ મેળવશે.

# ગુજરાતનાં હવામાનની આગાહીના ડેટા કરાંચી-લાહોરનાં રડારમાંથી મેળવાય છે

ગાંધીનગર, તા. ૧૯ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં હવામાનની આગાહી કરવા પાકિસ્તાનનાં લાહોર અને કરાંચીનાં હવામાન વિભાગ મદદ કરે છે આ એક ચોંકાવનારી છતા પણ વાસ્તવિકતા છે. ભારતીય હવામાન ખાતાની અમદાવાદ ઓફીસનાં રડાર પૂર્વે ક્ષમતાથી કામ કરતા નથી તેથી પાકની મદદ લેવાની હવામાન વિભાગને ફરજ પડી રહી છે.

અમદાવાદમાં હવામાન અંગેની માહિતી લેવા જે રડાર અને બલુન આકાશમાં વધુમાં વધુ ૭ કિ.મી. અને ક્યારેક ૨૦ કિ.મી.ની વિગતો મેળવી શકે છે. ભારત અને પાક વચ્ચેના સરહદી અને રાજદ્વારી સંબંધો હંમેશા તનાવભર્યા રહ્યા છે. વાઘા સરહદ ખાતે રોજ સવાર સાંજ સરહદી પોસ્ટનાં ગેઈટ ખોલવા બંધ કરવામાં બન્ને તરફનાં સૈનિકો જે આક્રમકતા દર્શાવે છે તેનાંથી લોહી ગરમ થાય છે પણ ભારતનાં હવામાન ખાતાને ગુજરાતમાં હવામાનની આગાહી માટે પાક હવામાન વિભાગનાં આધારે જ રહેવું પડે છે.

હાલમાં જ ગુજરાતમાં તોફાની કમૌસમી વરસાદ આવ્યો અને મીની વાવાઝોડા જેવી સ્થિતિમાં (તા. ૨૦ એપ્રિલ) આઠ લોકોનાં મૃત્યુ પણ થયા હતા. આ સમયે આ તોફાની હવામાનની આગાહી કરવામાં અમદાવાદ હવામાન કચેરીની નિષ્ફળતાની તપાસમાં આ ચોંકાવનારી સ્થિતિ જાહેર થઈ છે. એ જાહેર થયું કે અમદાવાદ હવામાન કચેરી લાહોર અને કરાંચીનાં હવામાન વર્તારાનાં આધારે ગુજરાતમાં કેવુ હવામાન રહેશે તેની આગાહી કરી છે. અમદાવાદમાં જે રડાર છે તે ૨૦ વર્ષ જુનુ છે જે હવામાનનાં બદલાવને તાત્કાલિક પારખી શકતુ નથી.

જયારે ભુજમાં એક એક હવામાન રડાર છે તે કામ જ કરતું નથી. તો મુંબઈમાં જે હવામાન કચેરી છે તે અમદાવાદ હવામાન કચેરીને કોઈ માહિતી આપતી નથી તેથી અમદાવાદ હવામાન કચેરી ફક્ત સેટેલાઈટ ઈમેજ અને જયપુર-ગોવા ભોપાલ જેવી સ્થાનિક અને પાકની કરાંચી-લાહોર હવામાન કચેરીનાં ડેટા પરથી હવામાન વર્તારા કરે છે.

વાસ્તવમાં આ વ્યવસ્થા આડકતરી છે. ધ વર્લ્ડ મેટેરીયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ) જે જીનીવામાં છે

● અનુસંધાન પાન-૭ પર

# મોદી-અમિત શાહનું આજે સ્વાગત કરાશે



અમદાવાદ, તા.૧૯ ભાજપની કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે તા. ૨૦મી મેના રોજ નવી દિલ્હી ખાતે મળનારી બેઠકમાં દેશના વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીના નામને બહાલી આપવામાં આવશે. ત્યારબાદ દેશના પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અમિત શાહ આવતીકાલે તા. ૨૦મીએ સાંજે ૬:૩૦ વાગ્યે અમદાવાદ હવાઈમથકે આવી પહોંચશે. ત્યારે તેમનું ભાજપના આગેવાનો તથા કાર્યકરો દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવશે. આ ઉપરાંત સાંજે ૭ વાગ્યે મણીનગરના ગુરૂજીબ્રીજના છેડે આવેલા આવકાર હોલ પાસે સાંજે ૭ વાગ્યે યોજાનારી નરેન્દ્ર મોદીની જાહેરસભામાં તેમનો અભિવાદન કાર્યક્રમ પણ યોજાશે.

# વિધાનસભા ભાજપ પક્ષ ૨૧મીએ મોદીને વિદાય આપશે

ગાંધીનગર, તા. ૧૯ લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતા હવે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોઈ તેઓ આગામી ૨૧મીના વિધાનસભાની એક દિવસ માટે ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

૨૧મીના રોજ બપોરે ૧૧ વાગ્યે વિધાનસભાની ખાસ બેઠક મળશે. જેમાં ભાજપના ધારાસભ્યોદ્વારા નરેન્દ્ર મોદીનો

**મુખ્યમંત્રી પદેથી નરેન્દ્ર મોદી ૨૧મીના રોજ રાજીનામુ આપી રહ્યા હોઈ તેમને વિદાય આપવા માટે વિધાનસભાની બેઠક ૨૧મીના રોજ મળશે.**

રોજ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિદાય આપવા માટે ૨૧મીના રોજ આભાર કરતો એક પ્રસ્તાવ રજુ કરવામાં આવશે. ત્યારબાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ધારાસભ્યોને સંબોધન કરશે અને પછી તેઓ રાજભવન જશે અને રાજ્યપાલશ્રીને પોતાનુ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપશે.

૨૧મીના રોજ નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપે તે પછી સાંજે ૪.૩૦ વાગ્યે ભાજપના ધારાસભ્યોની એક બેઠક ભાજપના નિરીક્ષક થાવરચંદ ગેહલોતના ઉપસ્થિતિમાં મળશે જેમાં નરેન્દ્ર મોદીના ઉત્તરાંધિકારીની પસંદગી કરવામાં આવશે. અને ૨૨મીએ ગુજરાતમાં નવી સરકારની રચના અંગેની કવાયત શરૂ કરવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી મંડળના કોઈ ખાસ ફેરફાર કરવામાં નહી આવે પરંતુ એક બે વધુ મંત્રીઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ગુજરાતમાં સૌથી અનુભવ વૃદ્ધ અડવાણી

## અડવાણી ૮૬ વર્ષના છે તો રાજેશ ચુડાસમા ૩૧ વર્ષના છે

અમદાવાદ, તા.૧૯ ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને યુવા મતદારોને ખોબલે ખોબલે મત આપતા તેમણે વડોદરા અને વારાણસી બંને બેઠકો પર જંગી લીડથી જીત હાંસલ કરી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીએ તેમની વડા પ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદગી તેની પાછળનું એક કારણ ભાજપના અડવાણી સહિતના નેતાઓની સરખામણીમાં મોદીની ઓછી વય હતી. આજે દેશના મતદારો વધુને વધુ યુવાનો રાજકારણમાં જોડાય તેવું ઈચ્છી રહ્યા છે ત્યારે લોકસભાની ચૂંટણીમાં ભાજપમાંથી વિજેતા બનેલા તમામ ૨૬ ભાજપી સાંસદોમાં લાલકૃષ્ણ અડવાણી સૌથી વધુ ઉંમરના છે જયારે જૂનાગઢના રાજેશ ચુડાસમા એકદમ યુવાન છે.

ગુજરાતમાં સતત સાતમીવાર સાંસદ તરીકે ચૂંટાયેલા એલ.કે. અડવાણીનો જન્મ ૮ નવેમ્બર

● અનુસંધાન પાન-૭ પર

**મકાન ભાડે આપવાનું છે**

પ્લોટ નં. ૮૫૬/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર, ઘ-૨ ચોકડી નજીક, (ફક્ત કૉલેજ અભ્યાસ કરતી/ નોકરીયાત છોકરીઓ માટે જ)

કોન્ટેક્ટ ૯૦૯૯૯ ૪૩૫૮૧ ૯૮૨૪૩ ૧૮૯૬૩

